આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-21-10-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# અસંગઠીત કામદારો માટે ઈ-શ્રમ- વન સ્ટોપ સોલ્યુસન

શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવિયા આજે નવી દિલ્હીમાં અસંગઠિત કામદારો માટે ઈ શ્રમ, વન સ્ટોપ સોલ્યુશન રજૂ કરશે.

અસંગઠિત કામદારોને વિવિધ સરકારી યોજનાઓ સુધી સરળતાથી પહોંચ મળે તે સુનિશ્ચિત કરવા માટે આ પ્લેટફોર્મ મધ્યસ્થી તરીકે કામ કરશે. પહેલનો પ્રાથમિક ઉદ્દેશ્ય એક જ પ્લેટફોર્મ દ્વારા અસરકારક રીતે અસંગઠિત કામદારો માટેની તમામ સામાજિક સુરક્ષા અને કલ્યાણ યોજનાઓના લાભાર્થીઓ વિશેની માહિતીને એકીકૃત કરવાનો છે. આ પહેલ અસંગઠિત કામદારોને તેમના માટે રચાયેલ યોજનાઓથી વાકેફ કરવામાં મદદ કરશે.

**RNU અમદાવાદ**

---

RNUBHUJ

# નાણાપંચની ટીમ ગુજરાતની મુલાકાતે

સોળમાં કેન્દ્રીય નાણાપંચની ટીમ ગઇકાલથી ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે છે. નાણાપંચના સભ્યો આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે બેઠક કરશે. ત્યારબાદ તેઓ ઉદ્યોગ મહામંડળના પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કરશે.

આ ત્રણ દિવસની મુલાકાત દરમિયાન નાણાપંચના સભ્યો વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે તેમજ શહેરી અને ગ્રામીણ સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના અધિકારીઓ અને પ્રતિનિધિઓ સાથે વિચાર વિમર્શ કરશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

# કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને આ વર્ષે ઓગસ્ટ મહિનામાં 18 લાખ 53 હજાર વધારાના સભ્યો બનાવ્યા છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું છે કે નવી સદસ્યતામાં વધારો એ રોજગારીની તકો, કર્મચારીઓના લાભો વિશેની જાગૃતિ અને સંસ્થાના સફળ કાર્યક્રમોને આભારી છે. ગયા વર્ષના ઓગસ્ટની સરખામણીમાં આ વર્ષે ઓગસ્ટ મહિનામાં સંસ્થાના સભ્યોની સંખ્યામાં નવ ટકાનો વધારો થયો છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

# મુખ્યમંત્રી – શોર્ટ ફેસ્ટ એવોર્ડ

રાજ્ય સરકાર ફિલ્મોદ્યોગને સહાયરૂપ થવા હંમેશાં તત્પર હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું છે.. ગુજરાતી ફિલ્મોને સહાયરૂપ થવા માટે રાજ્યની ફિલ્મ પ્રોત્સાહક નીતિ શ્રેષ્ઠ હોવાનો પણ મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો..સપ્તરંગ સોસાયટી દ્વારા અમદાવાદ ખાતે આયોજીત શોર્ટ ફેસ્ટ એવૉર્ડમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિતિ રહ્યાં હતાં..

ગુજરાતની ભવ્ય સંસ્કૃતિ અને વિરાસતને ઉજાગર કરતી ફિલ્મોનું નિર્માણ કરવા ઉપર  મુખ્યમંત્રીએ ભાર મૂક્યો હતો..

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પ્રવાસન વિભાગ, વિશ્વ સંવાદ કેન્દ્ર, ભારતીય ચિત્ર સાધનાના સંયુક્ત ઉપક્રમે શોર્ટ ફિલ્મ બનાવનારા સર્જકોને પ્લેટફોર્મ અને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે બે દિવસીય સપ્તરંગ શોર્ટફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિષયો પર કુલ ૨૭૭ જેટલી શોર્ટ ફિલ્મ્સની એન્ટ્રી નોંધાઈ હતી. જેમાંથી ૩૭ ફિલ્મનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું તેમજ બે માસ્ટર ક્લાસનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

**RNU અમદાવાદ**

---

RNUBHUJ

## વરસાદ

અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમની અસર હેઠળ જીલ્લામાં ગઇકાલે બપોર બાદ એકાએક વાતાવરણમાં પલટો આવ્યો હતો. જિલ્લા મથક ભુજમાં એક, અબડાસા તાલુકામાં એકથી દોઢ અને નખત્રાણા તાલુકામાં અડધોથી એક ઇંચ વરસાદ પડયો હતો.

ભુજ તાલુકાના પદ્ધર, કાળી તલાવડી, મમુઆરા સહિત વિસ્તારમાં વરસાદી ઝાપટાં પડયા હતા. અબડાસાના કેટલાક ગામોમાં પણ વરસાદ વરસ્યો હતો. નખત્રાણા તાલુકામાં બપોર બાદ વાતાવરણમાં આવેલા અચાનક પલટાથી નાના-મોટા કાદિયા, હીરાપર, ટોડિયા વિસ્તારમાં અડધો ઇંચ વરસાદ વરસતાં પાણી વહી નીકળ્યા હતા.

મગફળી અને કપાસના ઊભા પાક માટે આવા વરસાદી ઝાપટાં નુકસાનકારક હોવાનું ખેડૂતોનું કહેવું છે.

હવામાન વિભાગે આગામી 48 કલાકમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે ભારે વરસાદ થવાની આગાહી કરી છે. પાંચ દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં એક-બે ડિગ્રીનો ઘટાડો જોવા મળી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી 24 કલાકમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતાઓ છે.

**RNU અમદાવાદ**

---

RNUBHUJ

## ખાવડા – સેવા સેતુ કાર્યક્રમ

ખાવડા ખાતે યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ કામગીરી હાથ ધરાઇ હતી. જે અંતર્ગત આધારકાર્ડ અપડેટ અને સુધારણા, રાશનકાર્ડ નામ દાખલ કરવા, સુધારવા અને કમી કરવા, હેલ્થ વેલનેસ કાર્ડ, ડાયાબિટીસ અને બીપીની ચકાસણી, પી.એમ.જે. અરજી, મતદાર યાદી નવા કાર્ડ, સુધારા, આવકના દાખલા વગેરે માટે અરજદારોનો ઉમટ્યા હતા.

**RNU અમદાવાદ**

---

## 16મો બન્ની પશુમેળો

ભુજ તાલુકાનાં હોડકો ખાતે 16મો બન્ની પશુ મેળો યોજાયો હતો, જેમાં દૂધ દોહન, પશુઓની તંદુરસ્તી અંગેની વિવિધ સ્પર્ધાઓમાં 77થી વધુ પશુઓના માલિકોએ ભાગ લીધો હતો.

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે બે દિવસીય પશુ મેળાને ખુલ્લું મુકતા કહ્યું હતું કે, બન્ની પશુ મેળાને વિશ્વ ફલક પર લઈ જવાશે.

**RNU અમદાવાદ**

---

## આંચકો

કચ્છમાં ગઈકાલે વધુ એક ભૂકંપનો આંચકો નોંધાયો હતો. ગઈકાલે સાંજે પોણા છ વાગ્યે 3.2ની તિવ્રતાનો આંચકો નોંધાયો હતો. જેનું કેન્દ્રબિંદુ ભચાઉથી 22 કિલોમીટર નોર્થ વેસ્ટ ઉપર હતું.

**RNU અમદાવાદ**

---